આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

પોતાનામાં અને બીજાઓમાં નિર્દોષતાનો અનુભવ થવો તે તત્ત્વજ્ઞાન અને જીવન મુક્તિની શરૂઆત છે
- જનકલ્યાણ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૪ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૪, મંગળવાર; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ગાંધીનગરના પ્લોટોની હરાજીની મુદતમાં વધારો કરવાનો નિર્ણય

### સરકારમાં થયેલી રજુઆત પછી સત્તાવાળાઓએ મોડી સાંજે કરેલો નિર્ણય : ૩જી માર્ચના રોજ કલેક્ટર કચેરીમાં પ્રક્રિયાની સમજ અપાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના જુદા જુદા ૯૮ પ્લોટોની હરાજીની પ્રક્રિયા લંબાવવાનો આજે સત્તાવાળાઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર સમક્ષ આ હરાજી ઈ.ટેન્ડરીંગથી પ્રથમવાર પાટનગરમાં યોજાઈ રહી હોવાથી મુદતમાં વધારો કરવો જોઈએ તેવી રજુઆત કરવામાં આવી હતી. આ પછી રાજ્ય સરકારનો પણ રજુઆતમાં તથ્ય જણાતા તેમણે જિલ્લા સત્તાવાળાઓને યોગ્ય પગલાં લેવાની સૂચના આપતા જિલ્લાતંત્રએ આજે મોડી સાંજે આ પ્રક્રિયા લંબાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

જિલ્લા સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે ઈ. હરાજીની પ્રક્રિયા અંગે સમજુતીની જરૂરિયાત તેમજ જાહેર હિતને ધ્યાને લેતાં ડિઝીટલ સિગ્નેચર મેળવવાની કાર્યવાહી ૩૧-૩-૧૪ સુધી લંબાવવામાં આવી છે. તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## સે-૬ના બે કોમર્શિયલ પ્લોટ ગેરકાયદેસર રીતે પુનઃ હરાજીમાં મુકાતા કોર્ટમાં ફરિયાદ

### વર્ષ ૨૦૦૩માં ઉંચી બોલી લગાવી ૨૫ ટકા રકમ પણ જમા કરાવી હતી : કોર્ટમાં મનાઈ હુકમ માટે અરજી : ૨૬મીએ કલેકટરનો જવાબ રજૂ કરવા આદેશ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં રહણાંક તેમજ કોમર્શિયલ પ્લોટની હરાજી માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે ત્યારે દાયકા પૂર્વે હરાજીમાં ઉંચી બોલીના આધારે મંજુર થયેલા સે-૬ના બે પ્લોટને પણ આગામી હરાજી માટે મુકવામાં આવતા મામલો કોર્ટના દ્વારે પહોંચ્યો છે. વર્ષ ૨૦૦૩માં હરાજીના અંતે પ્લોટની ૨૫ ટકા કિંમત જમા કરાવ્યા બાદ રદ થયેલ હરાજીની પ્રક્રીયાના અંતે આ મામલે રેવન્યુ કોર્ટમાં સમગ્ર કેસ પડતર છે. આ અંગે નગરના વેપારીઓએ બંને પ્લોટોની હરાજી માટે મનાઈ અરજી મેળવવા ગાંધીનગરની કોર્ટમાં દાવો દાખલ કર્યો છે. કોર્ટે આ મામલે આગામી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ જિલ્લા કલેકટરને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

ગાંધીનગરમાં દાયકા બાદ હાથ ધરાનારી પ્લોટની હરાજી પ્રક્રીયા પૂર્વે કોર્ટમાં મનાઈ અરજી મેળવવા દાવો દાખલ થયો છે. આ કેસના વિવાદી જયોતિન્દ્ર બચુભાઈ વ્યાસ, હેમાંગ રામી, ભગવાનદાસ મોદી તેમજ નિરવ બિહારીલાલ શાહે વકીલ અશ્વિન ત્રિવેદી મારફતે ગાંધીનગરની પ્રિન્સિપાલ સિવિલ કોર્ટમાં સે-૬ના બે પ્લોટોની અરજી સંદર્ભે મનાઈ હુકમ મેળવવા દાવો

● અનુસંધાન પાન-૭ પર







શ્રીમતી સોનિયા ગાંધી



ડૉ. મનમોહન સિંહ

દસ વર્ષમાં 18,200 કિ.મી. હાઈવેનું નિર્માણ અને સમારકામ

ગ્રામ્ય વિસ્તારને મળ્યાં 35 કરોડ કરતાં વધુ ટેલિફોન જોડાણ

છેલ્લા 9 વર્ષમાં વિજળી ઉત્પાદનમાં 3,24,316 મિલિયન યુનિટની વૃદ્ધિ

ભારત નિર્માણનો પુરાવો

જન જનને સ્પર્શે, જન જીવનને બદલે